મે. વડનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટમાં

ક્રિ.કેસ નંબર :–૮૩૨/૨૦૨૨

આંક :–

ફરિયાદી :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

વિરુધ્ધ

આરોપી:– (૧) પ્રકાશભાઈ સંપતભાઈ દેવીપુજક
રહે.ઉંઢાઈ દેવીપુજક વાસ તા. વડનગર જી.મહેસાણા

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ –૨૦૯ અન્વયે સેસન્સ કમીટલ હુકમ**

(૧) આરોપીઓ સામે વડનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં ૧૧૨૦૬૦૭૩૨૨૦૫૩૩/૨૦૨૨ ઈ.પી.કો.કલમ ૩૦૬,૪૯૮(ક) મુજબ ના ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) આ કામે આરોપીઓને પોલીસ તપાસ ના કાગળો ની નકલો આપવામા આવેલ છે, ત્યારબાદ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાઓ વંચાણે લેતાં આ કેસ ચલાવવાની સત્તા આ અદાલતને નથી પરંતુ નામદાર સેસન્સ અદાલત વિસનગર ને છે જેથી આરોપીઓ સામે નો કેસ નામદાર સેસન્સ કોર્ટ વિસનગર મુકામે કમીટ કરવો જોઈએ તેમ હું માનુ છું

(૩) આ કામે આરોપીઓને જવાબ લઈ પૂછવામાં આવેલ છે કે નામદાર સેસન્સ કોર્ટવિસનગર મુકામે કેસ ચાલે તે દરમ્યાન તેઓ પોતાના સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે સરકારી વકીલ ની જરૂર છે તેના જવાબમાં આરોપીઓએ જણાવેલ છે કે તેઓ પોતાના સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે, આમ સમગ્ર રીતે આરોપીઓ સામેનો મુકદમો નામદાર સેસન્સ કોર્ટ વિસનગર તરફ કમીટ કરવો જોઈએ તેમ માનુ છુ, અને નીચે મુજબ નો હુકમ કરું છું.

**-: હુકમ :-**

- આરોપીઓ સામેનો મુકદમો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૯ અન્વયે નામદાર સેસન્સ કોર્ટ વિસનગર તરફ કમીટ કરવામાં આવે છે.
- આ કામનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેસન્સ કોર્ટ વિસનગર તરફ મોકલી આપવું.
- આ કેસ કમીટ કર્યાની જાણ પ્રોસીકયુટર શ્રી વિસનગરને કરવી
- આ કામના આરોપીઓ તથા જામીનદાર ને તા. ૧૩/૧૨/૨૦૨૨ નામદાર સ ેસન્સ કોર્ટ વિસનગર મુકામે કલાક ૧૦-૩૦ વાગે હાજર રહેવા સમજ આપવી

ઉપરોકત હુકમ આજ તારીખ - ૨૫, માહે - નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૨૫/૧૧/૨૦૨૨

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

વડનગર.